Date :27-05-2018
Time : 2.30 to 2.35 pm

# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2018** **Midday : 2.30 to 2.35 PM**
**Day : Sunday**

*આકાશવાણી અમદાવાદ, વડોદરા.. પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.*

---

---

*(ન્યુઝ બ્રેક- આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી સાંભળી રહ્યા છો)*
*(સમાચારને અંતે- આકાશવાણી- અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)*

Date :27-05-2018
Time : 2.30 to 2.35 pm

# પીએમ - મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખો - ખો, ગીલ્લી દંડા જેવી પારંપારિક રમતોને પ્રોત્સાહન આપવા શાળા તથા યુવાનોના સંમેલનોને અનુરોધ કર્યો છે. આજે આકાશવાણી પરથી પ્રસારીત થયેલા મન કી બાત કાર્યક્રમમાં તેમણે કહયું કે દેશની પારંપારિક રમતો શારીરીક ક્ષમતા વધારવાની સાથે સાથે તાર્કિક વિચાર, એકાગ્રતા, સતર્કતા જેવા ગુણો તથા ઉર્જાનું સ્તર વધારે છે. એવી જ રીતે આવી રમતો વ્યકિતત્વ વિકાસમાં પણ ઉપયોગી પુરવાર થાય છે. આવી રમતો હવે લુપ્ત થવાના આરે છે જે ખરેખર ચિંતાનો વિષય છે. પ્રધાનમંત્રીએ કહયું કે આવી રમતો લુપ્ત થવાથી બાળપણની ભાવના પણ નાશ પામશે.

ભારતમાં વિવિધતામાં એકતાની જોવા મળતી ભાવના આ રમતોમાં પણ જોવા મળે છે. ફિટ ઈન્ડિયા અભિયાન અંગે બોલતા શ્રી મોદીએ કહ્યું કે, ફિલ્મ જગતથી લઈને સમાજના બધા જ વર્ગો આ અભિયાનમાં જોડાવા લાગ્યા છે.

પ્રધાનમંત્રીએ કહયું કે આગામી પાંચમી જુને ભારત પ્લાસ્ટીકના પ્રદુષણને પરાજય આપોના સુત્ર સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરશે. તેમણે કહયું કે આ બાબત એવો સ્પષ્ટ સંદેશો આપશે કે આબોહવામાં પરિવર્તનના પડકારને પહોંચી વળવા સમગ્ર દેશ આગળ વધી રહયો છે. પ્રધાનમંત્રીએ હલકી ગુણવત્તાવાળુ પ્લાસ્ટીક નહી વાપરવાની તથા પર્યાવરણ આરોગય તથા જીવસૃષ્ટી ઉપર પ્લાસ્ટીકની થતી આડ અસર ઘટાડવા પ્રયાસ કરવાની અપીલ કરી છે. ચોમાસાની ઋતુ ઝડપથી નજીક આવી રહી છે ત્યારે વિક્રમજનક સંખ્યામાં વૃક્ષો વાવીને તેમને ઉછેરવા સંકલ્પવબધ્ધ થવા પ્રધાનમંત્રીએ અનુરોધ કર્યો હતો. યોગને જીવનમાં વણી લેવાથી સાહસમાં વધારો થાય છે તેમ જણાવીને પ્રધાનમંત્રીએ કહયું કે આગામી ૨૧મી જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારીઓ યુધ્ધના ધોરણે ચાલી રહી છે.

તેમણે રમઝાન માસના અંતે આવનારી રમઝાન ઈદ સમાજમાં શુમેળ તથા સંબંધો મજબુત બનાવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

# રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ આગામી ૨૯મી મંગળવારે સુરત જશે. તેઓ કન્વેન્શન હોલ સરસાણા ખાતે ડોનેટ લાઈફ ધ્વારા આયોજીત બ્રેનડેડ દર્દીઓના

અંગદાતા પરિવારના સન્માન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના ૪૯માં પદવીદાન સમારોહમાં અને એસ.આર.કે. નોલેજ ફાઉન્ડેશન ધ્વારા આયોજીત સંતોકબા માનવ રત્ન એવોર્ડ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

## મુખ્ય સચિવ

રાજયમાં મુખ્ય સચિવ ડો. જે.એન.સિંહે આજે ગીર – સોમનાથ જીલ્લામાં જળ સંગ્રહના કાર્યરત કામોની મુલાકાત લીધી હતી. તેમણે આ કાર્યમાં રોજગારી મેળવતા શ્રમિકોને મળતા મહેનતાણા, પીવાના પાણીની સવલત સહિતની જાણકારી મેળવી હતી તેમણે ડાભોર પાસે દેવકા નદીમાં ચેકડેમ ડિસીલ્ટીંગ કામગીરી, સોમનાથ કોઝ વે માટે હિરણ નદીમાં કાર્યરત કામગીરીની મુલાકાત લઈ જેસીબી ટ્રેકટરો સહિત સાધન સામગ્રી સાથે માટી કાંપ ખેડુતોને ઉપયોગમાં આવે છે કે કેમ, વગેરેની વિભાગના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. તેમણે શ્રમિકોને છાસ અને પૌષ્ટીક ચીકીનું વિતરણ કર્યુ હતું.

## જળસંચય – ઝઘડીયા

સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરવાના કામને પ્રોત્સાહિત કરવા માટે સહકાર રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે ઝઘડીયા તાલુકાના રાણીપુરા, અછાલીયા, ડભાલ, બલેશ્વર ખાતે ચાલતા કામોનું નિરીક્ષણ કર્યું હતું અને શ્રમિકોના ખબર અંતર પૂછયા હતા.

આ પ્રસંગે સહકાર રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે તળાવ ઉંડા કરવાની કામગીરીનું નિરીક્ષણ કરી ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર

સુજલામ સુફલામ જળસંચય અભિયાન શરૂ કરતાં જનઅભિયાન સ્વરૂપે સાકાર થયું છે. જળસંચય માટે જનશક્તિનો પુરૂષાર્થ યજ્ઞમાં ગ્રામજનોને પોતાનું શ્રમદાન કરી સહભાગી બનવા જણાવ્યું હતું. વરસાદના પાણીનું મુલ્ય સમજી ટીપે ટીપાં પાણીનો ગામના તળાવમાં સંગ્રહ કરી તેનો પશુઓ અને ખેતી માટે કરકસરપૂર્વક ઉપયોગ કરી વધુ ઉપજ મેળવી રાજ્યના વિકાસમાં સહભાગી બનીએ તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીની ઝઘડીયા તાલુકાની મુલાકાત અવસરે તાલુકા વિકાસ અધિકારીશ્રી, આગેવાન પદાધિકારીઓ, અધિકારીગણ, સરપંચશ્રીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દુરન્તો એકસપ્રેસ

અમદાવાદ – મુંબઈ સેન્ટ્રલ દુરન્તો એકસપ્રેસ સુપર ફાસ્ટ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવાની મંજુરી આપવામાં આવી છે. જેનુ આજે સાંજે મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી રાજકોટ જંકશનથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવશે.

## ટ્રેનીંગ

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાના ૩ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત આઈટીઆઈ ધ્વારા વિશેષ સિલાઈ મશીન ઓપરેટર, સિલાઈ કલાસ, ઓટોમેટીવ સર્વિસ ટુ અને થ્રી વ્હીલર, ડેટા એન્ટ્રી ઓપરેટર, રૂમ એટેન્ડન્ટની ટ્રેનીંગ આપવામાં આવી રહી છે. જેમાં ૨૫૦ થી વધારે લોકો લાભ લઈ રહયાં છે. દમણમાં ગારમેંટ અને કપડા બનાવતી કંપનીઓ હોવાથી આ ટ્રેનીંગ પછી મહિલાઓને રોજગારની તક મળી શકે છે. દમણ, દીવ પ્રશાસન ધ્વારા આ વર્ષે ૨૬૦૦

લોકોને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનામાં ટ્રેનીંગ આપવાનું લક્ષ્ય આપવામાં આવ્યું છે. ઉપરાંત ટ્રેનીંગ પછી નોકરી આપવા અને લોન માટે પણ મદદ કરશે.

## હવામાન

રાજયમાં મોટાભાગના સ્થળોએ છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એક થી પાંચ ડિગ્રી વધુ નોંધાયું હતું.

સૌથી વધુ ૪૫ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. આ ઉપરાંત અમરેલી, ડીસા અને ગાંધીનગરમાં ૪૪ ડિગ્રી, રાજકોટ, અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં ૪૩ ડિગ્રી, ભુજમાં ૪૨, મહુવા અને ભાવનગરમાં ૪૧, દીવમાં ૪૦, જયારે કંડલા પોર્ટ વિસ્તારમાં ૩૯ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. દીવમાં સામાન્ય કરતાં સાત ડિગ્રી વધુ, મહુવામાં છ ડિગ્રી વધુ, જયારે સુરતમાં પાંચ ડિગ્રી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આજ સમય ગાળામાં લઘુત્તમ તાપમાન પણ એક થી ચાર ડિગ્રી વધુ નોંધાયું હતું. હવામાન વિભાગની યાદી મુજબ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આગામી અડતાલીસ કલાકમાં મહત્તમ તાપમાન એકતાલીસ થી ૪૫ ડિગ્રી નોંધાય તેવી સંભાવના છે.